# કલોલના જમીન દલાલ પર મોડી રાત્રે બે રાઉન્ડ ફાયરીંગ

## બાઈક પર આવેલા બે શુટર્સે ફાયરીંગ કરતાં ગાડીના કાચમાં ગોળી વાગી : યુવકનો બચાવ : ગાડી એફએસએલ મોકલાઈ : જમીનના થયેલા વિવાદાસ્પદ સોદાઓ અંગે જાણીને હુમલાખોરો સુધી પોલીસ પહોંચશે

ગાંધીનગર, તા. ૯

કલોલ તાલુકાના વાસવાડા ગામની સીમમાંથી મોડી રાત્રે પસાર થઈ રહેલા એક જમીન દલાલ યુવક પર બે અજાણ્યા શખ્સોએ બે રાઉન્ડ ફાયરીંગ કરીને યુવકની હત્યાનો પ્રયાસ કર્યો હતો. નિશાન ચુકી જતાં જમીન દલાલ યુવાન બચી ગયો હતો. બાઈક પર આવેલા બન્ને શુટર્સ નાસી છુટ્યા હતા. આ બાબને પગલે આ વિસ્તારમાં સન્નાટો મચી જવા પામ્યો હતો. કલોલ તાલુકા પોલીસે આ સંદર્ભે ગુનો દાખલ કરી ઉંડી તપાસ શરૂ કરી છે.

મુળ મહેસાણા જિલ્લાના કડી તાલુકા ખાતેના વામજ ગામના અને હાલ કલોલ તાલુકાના રકનપુર ગામના સેન્ટોસા ગ્રીન લેન્ડમાં રહેતા ૨૫ વર્ષીય જમીન દલાલ યુવાન અમીતકુમાર મહેન્દ્રભાઈ પટેલ ગઈ રાત્રે ૧૧ વાગ્યાના અરસામાં પોતાની હોન્ડા સોનાટા કાર નં. જીજે-૧-એચ.ક્યુ.૪૪ લઈને ઓફીસથી પોતાના ઘરે જી રહ્યા હતા. તેમની કાર વાંસવાડા ગામની સીમમાંથી પસાર થઈ તે વખતે ૨૫ થી ૨૭ વર્ષની ઉંમરના બે શખ્સો બાઈક પર આવી ચઢ્યા અને કાર સામે આવી જઈને અમીતભાઈ ઉપર પિસ્તોલમાંથી બે રાઉન્ડ ગોળીબાર કર્યો હતો. ડ્રાઈવર સાઈડના કાચ પર ગોળી વાગી હતી અને અમીતભાઈ નિશાન ચુક થતાં બચી ગયા હતા. બાઈક પર આવેલા બન્ને શુટર્સ પળવારમાં નાસી છુટ્યા હતા. અમીતકુમાર પટેલે કલોલ તાલુકા પોલીસ મથકે બે અજાણ્યા શખ્સો સામે ફરીયાદ આપતા કલોલ તાલુકા પી.આઈ. બી.એન. દવેએ ગુનો નોંધી ઝીણવટભરી તપાસ હાથ ધરી છે.

જમીન લે-વેચના ધંધાના કારણે અદાવતમાં અમીનને મારી નાંકવાના ઈરાદે અથવા ડરાવવાના હેતુથી ફાયરીંગ કરાયું હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી છે. વાયરલેસ પર મેસેજ છોડીને તાત્કાલીક હુમલાખોરો પકડવા નાકાબંધી કરાવી દેવામાં આવી હતી. પરંતુ તે શખ્સો પકડાયા ન હતા. અમિતકુમાર પાસે કેટલા જમીનના સોદામાં કોને કોને વિવાદ ચાલી રહ્યો છે તે સહિતની તપાસ પોલીસે શરૂ કરી હુમલાખોરો સુધી પહોંચવા દોડધામ શરૂ કરાઈ છે. તે ઉપરાંત ગાડીને પણ એફએસએલમાં મોકલી દેવામાં આવી છે.



ગાંધીનગર શહેરમાં નીત નવીનીકરણ થઈ રહ્યું છે. તેવા સમયે શહેરને માર્ગદર્શક સૂચવતા સાઈનબોર્ડ અત્યંત બિસ્માર હાલતમાં છે. જરુર છે ફરીથી નવા રંગરોગાનો કરવાની. (તસવીર : કશ્યપ નિમાવત)

# સે. ૭ પોલીસે વાહન ચેકીંગમાં વધુ ૭ પીધેલા ઝડપી પાડ્યા

## પાંચ દિવસમાં ૨૦ થી વધુ દારૂડીયા વાહનચેકીંગ દરમ્યાન પોલીસની ઝપટે ચઢ્યા

ગાંધીનગર, તા. ૯

પાટનગરની સેકટર-૭ પોલીસની ટીમે વાહનચેકીંગ દરમ્યાન વધુ સાત દારૂડીયાઓને પીધેલી હાલતમાં ઝડપી પાડ્યા છે. દારૂનો નશો કરીને નીકળી પડેલા શખ્સો હવે સે. ૭ પોલીસની હદ વિસ્તારમાંથી પસાર થતાં ફફડી રહ્યા છે. છેલ્લા પાંચ દિવસમાં ૨૦ થી પણ વધુ પીધેલાઓને પોલીસે પકડી સળીયા પાછળ ધકેલી નાખ્યા છે.

સેક્ટર-૭ પોલીસે વાહનચેકીંગ દરમ્યાન બે ગાડીઓ અને એક બાઈક સાથે સાત જણાને દારૂ પીધેલી હાલતમાં ઝડપી પાડ્યા છે. બાઈક નં. જીજે-૧૮-આરએસ.-૨૦૫૭ પર દારૂના નશામાં નીકળેલા ધોળાકૂવાના રાજુ ભવાન ઠાકોર અને વિક્રમ ભવાન ઠાકોરને ઝડપી લીધા હતા. તે ઉપરાંત સર્વોલેટ ગાડી નં. જીજે-૧-આર.એ.૯૬૪૬ પર પીધેલી હાલતમાં જતા શૈલેષ બેચર ઠાકોરને વાહનચેકીંગ દરમ્યાન ઈન્દ્રોડા સર્કલથી પકડ્યો હતો તેની સાથે ટીનો મેઘા રાવલ પણ પીધેલી હાલતમાં બેઠો હતો. તેની પણ ધરપકડ કરી લીધી હતી.

ઈન્દ્રોડા સર્કલ પાસેથી ગાડી લઈને નીકળેલા ત્રણ અમદાવાદી યુવાનો પણ પીધેલા મળી આવ્યા હતા. નરોડાના મુકેશ હીંગરાજન ગઢવી તથા તરૂણ રમેશ વાઘેલા અને રાણીપના રાકેશ રામજી ગામેતી સહીત સાત શખ્સોને બે ગાડી અને એક બાઈક સાથે ધરપકડ કરી લીધી હતી. પાંચ દિવસમાં સે. ૭ પોલીસે ૨૦ થી વધુ શખ્સોને વાહનચેકીંગ દરમ્યાન પીધેલી હાલતમાં પકડી જેલ ભેગા કર્યા છે.

# ઉદ્યોગ ભવનમાં કર્મચારીએ કરેલા આપઘાતની તપાસ સીબીઆઈને સોંપવા ઉગ્ર માંગ

## આરોપી ત્રણ અધિકારીઓની તાત્કાલીક જિલ્લા બહાર બદલી કરવા માંગણી : પરિવાર આજે ઉપવાસ આંદોલન પર

ગાંધીનગર, તા. ૯

ત્રણ મહિના પહેલા ઉદ્યોગભવનમાં કર્મચારી નરેશ ચાવડાએ કરેલા આપઘાત પ્રકરણમાં પોલીસની તપાસથી અસંતુષ્ટ પરિવારજનોએ સમગ્ર ઘટનાની તપાસ સી.બી.આઈ.ને સોંપવા માંગ કરી છે તે ઉપરાંત આરોપી ત્રણ અધિકારીઓની તાત્કાલીક જિલ્લા બહાર બદલી કરવાની માંગણી પણ પરીવારજનોએ કરીને તપાસ માટે આવતીકાલે ૧૦મી ડિસેમ્બરે ઉપવાસ આંદોલનની જાહેરાત કરીને ગાંધી ચિંધ્યા માર્ગે ન્યાય મેવવા આંદોલન છેડ્યું છે.

જીઆઈડીસી ઓફીસ ઉદ્યોગભવનમાં ક્લાર્ક તરીકે ફરજ બજાવતા નરેશ ચાવડાએ ૨ સપ્ટેમ્બરના રોજ ઓફીસમાં જ દવા પી લઈને આપઘાત કરી લીધો હતો. આ પ્રકરમમાં ખાતાના ત્રણ અધિકારીઓ નયન પાઠક, વિજય શાહ અને સમીર વકીલ સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. પોલીસની નબળી તપાસનો આક્ષેપ કરીને સમગ્ર ઘટનાની તપાસ સી.બી.આઈ.ને સોંપવા પરીવારજનોએ માંગ કરી છે. તે ઉપરાંત આરોપી ત્રણેય અધિકારીના હાથ નીચે ઓફીસનો સ્ટાફ હોવાથી સ્ટાફ સાચુ નિવેદન આપી શકતા ન હોવાના આક્ષેપ સાથે ત્રણેય અધિકારીઓની જિલ્લા બહાર બદલી કરવા માંગ કરવામાં આવી છે. કલેક્ટરને આ અંગે આવેદન પત્ર આપીને મૃતકના પરિવારે ૧૦ ડિસેમ્બરે સત્યાગ્રહ ઠાવણી સેક્ટર-૬ ખાતે મેદાનમાં સવારે ૯ થી ૬ સુધીનો પ્રતિક ઉપવાસ કરવાની જાહેરાત કરી છે.



(તસવીર : દિપક જાની)

રોજ-બ-રોજ ગાંધીનગરમાં અકસ્માતો સર્જાયા કરે છે. ગઈકાલે સે. ૧૬/૨૩ પાસે જેસીબીના ચાલકે કાઈનેટીક સવારને ટક્કર મારતાં તેને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો.

# ઘરઘાટી અને સિક્યુરીટી ગાર્ડની જાણ પોલીસ સ્ટેશને કરવા સુચના

ગાંધીનગર, તા. ૯

શિયાળાની અને લગ્નની સિઝન શરૂ થતા ઘરફોડ ચોરીઓ પણ શરૂ થવા લાગી છે. ઘરઘાટીઓ અને સિક્યુરીટી ગાર્ડની પણ આવા ગુનાઓમાં સંડોવણી હોવાનું ઘણાખરા કિસ્સાઓમાં બહાર આવેલુ છે. જેને પગલે પોતાના ઘરે કામ કરતા ઘરઘાટીઓ અને સિક્યુરીટી ગાર્ડની વિગતો સ્થાનિક પોલીસ મથકે આપવા જિલ્લા પોલીસ દ્વારા સુચન કરવામાં આવ્યું છે.

# સેક્ટર - ૨માં સુંદરકાંડ પાઠ

ગાંધીનગર, તા. ૯

રામચરીત માનસ પંચમ સોપાન સંગીતમય સુંદરકાંડ પાઠનું આયોજન તા. ૧૦ ડિસેમ્બર, મંગળવાર, રાત્રે ૮.૦૦ કલાકે પ્લોટ નં. ૧૬૩૮/૨ સેકટર-૨-ડી ખાતે ગોસ્વામી દિલીપભારતી અને બાલ કિર્તનકાર હિરલ ગોસ્વામીની વ્યાસપીઠે કરવામાં આવ્યું છે. સુંદરકાંડ ગોસ્વામી આનંદપુરીના યજમાન પદે યોજાશે જેમાં ભાવિભક્તોને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

# કોલેજીયન યુવાનની હત્યાનો આરોપી સાત દિવસના રીમાન્ડ પર

## હત્યામાં વધુ કોની-કોની સંડોવણી છે તેની પણ પોલીસ તપાસ કરશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર નજીક રણાસણ ગામની સીમમાં ૪ દિવસ અગાઉ થયેલ કોલેજીયન યુવાનની હત્યા પ્રકરણમાં ડભોડા પોલીસે ગત રોજ મૃતક યુવાનની હત્યા કરનાર તેનાજ મિત્રની ધરપકડ કરી હતી. ડભોડા પોલીસે સઘન પુછપરછ બાદ આરોપીને કોર્ટમાં રજૂ કરી સાત દિવસના રિમાન્ડ મેળવ્યા હતા.

પોલીસ સૂત્રો દ્વારા મળેલી માહિતી અનુસાર ગાંધીનગર નજીક રણાસણ ગામે થયેલ યુવાનની હત્યાનો ભેદ ડભોડા પોલીસે ઉકેલી મૃતકના હત્યારા રાજીવ ઉર્ફે રાજુ નારેન્દ્ર પ્રસાદ મિશ્રાને મધ્યપ્રદેશથી ઝડપી પાડ્યો હતો અને ડભોડા પોલીસમથક લાવી હતી. જ્યાં સઘન પુછપરછ હાથ ધરી હતી અને આજે પોલીસે આરોપીને ગાંધીનગર કોર્ટમાં રજૂ કરી રીમાન્ડની માંગ કરી હતી. આથી કોર્ટે આરોપીને સાત દિવસ સુધીના રીમાન્ડ મંજુર કર્યા હતા.

પોલીસે કોર્ટમાંથી આરોપીના રીમાન્ડ મેળવી વિવિધ દિશામાં વધુ પુછપરછ હાથ ધરી છે. અને આટલી મોટી હત્યાના પ્રકરણમાં આરોપીએ કોઈની મદદ મેળવી છે કે નહી તે અંગેની જરૂરી તપાસ હાથ ધરી છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

રોજ-બ-રોજ ગાંધીનગરમાં અકસ્માતો સર્જાયા કરે છે. ગઈકાલે સે. ૧૬/૧૫ પાસે એક દ્વિ ચક્રી વાહનને બચાવવા જતાં ઈન્ડિકા કાર જીજે-૬-ઝેડઝેડ-૬૪૦૩નાં ચાલક કાબુ ગુમાવતા ડીવાઈડર સાથે ધડાકાભેર અથડાઈ હતી. ડ્રાઈવરને નાની મોટી ઈજાઓ થઈ હતી. પરંતુ કારનું ટાયર ફાટી ગયું હતું અને કાચનો પણ ખુડદો બોલી ગયો હતો.

# નીલ ગાય ટકરાતાં અકસ્માત સર્જાયો

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરના 'ચ' માર્ગપર સોમવાર સાંજે પાંચ વાગ્યાના સુમારે એક નીલગાય સરકારી કાર સાથે અથડાતાં કારને ભારે નુકસાન થયુંહતુંતેમજ નીલ ગાયને પણ ફેક્ચર થતાં સારવાર માટે સે. ૩૦ના પશુ દવાખાને ખસેડવામાં આવી હતી.

શહેરમાં નીલગાયના વધતા જતા ત્રાસ અને રખડતા પશુઓની સમસ્યા અંગે અખબારોના પાને અનેકવાર અહેવાલો પ્રસિદ્ધ થયા છે. પરંતુ વન વિભાગ કે પોલીસતંત્ર કે મનપાના સત્તાવાળાઓની આંખ ખુલતી નથી તેને લઈ નગરજનોમાં રોષ પ્રવર્તી રહ્યો છે.

નીલગાયથી ત્રાહિમામ પોકારી ઉઠેલા ખેડૂતોના પ્રશ્નો વારંવાર વિધાનસભામાં ચર્ચાયા છે. પરંતુ તંત્ર દ્વારા કોઈજ અસરકારક પગલાં લેવાયા નથી. મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરમાં ૨૦૦ થી પણ વધુ નીલગાયની વસ્તી છે. આ ગાયોને સાચવવામાં વન વિભાગના અધિકારીઓ નિષ્ફળ રહ્યાછે અને હવે તે ધીમે ધીમે માનવ વસાહતમાં ધુમી રહી છે.

સોમવારે સાંજે થયેલા અકસ્માતમાં સરકારી કારનો ડાબી બાજુનો ભાગ તુટી જવા પામ્યો હતો જો કે આમાં કોઈ જાનહાનિ થઈ નથી પરંતુ અકસ્માતને પગલે ટ્રાફિક જામ થઈ ગયો હતો. આ અકસ્માતની જાણ થતાં વન વિભાગના અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્ત બનેલ નીલ ગાયને ટ્રેક્ટરમાં સારવાર માટે લઈ જવી પડી હતી.

નીલ ગાયને થાપાના ભાગેથી જ ફેક્ચર થયાનું જણાઈ આવતુ હતુ. તેથી તેને ઉભા થવામાં પણ તકલીફ પડતી હતી. નીલ ગાયને લઈ થયેલ આ અકસ્માત આજે દિવસ દરમ્યાન થયો હતો પરંતુ રાત્રે મોટી સંખ્યામાં આ ગાયો ફરતી હોય છે. ગાંધીનગર શહેરમાં વન વિભાગ દ્વારા માર્ગો પર ફેન્સીંગ વધુ મજબુત રીતે થાય તે પણ જરૂરી છે. બીજુ આ નીલગાયો માર્ગો અને માનવ વસાહતમાં આવતી અટકે તે માટે વન વિભાગે આખી કાર્યયોજના તૈયાર કરવી જોઈએ તેમ લોકો ઈચ્છી રહ્યા છે.

# અઢળક કમાણીમાં ગળાડુબ વિટકોસનું મુસાફરોને હાલાકી પહોંચાડતું સંચાલન

## કાયમી રૂટ રદ કરી કમાણી કરતાં સ્થળોએ મુકી દેવાતી બસો, નિયંત્રણ વગરની વિટકોસ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરમાં તત્કાલીન સમયે સરકારે મુસાફરોને શ્રેષ્ઠ સુવિધા મળી રહે તેવા શુભ આશયથી સરકારી ધારા-ધોરણ મુજબ કરાર આધારિત વિટકોસ બસ શહેરમાં શરૂ કરવા પરવાનગી આપેલ હતી. આ શહેરી બસ સેવા હાલ શહેર કરતા ગામડાં વધુ ખુંદી રહી છે. જેમાં ફક્ત કમાણીને જ ધ્યાને લેવાય છે. જેથી નિર્ધારિત રૂટ અચાનક રદ કરી કમાણી મળી રહે તેવા સ્થળોએ મુકી દેવાય છે. અને નિયમિત જતાં મુસાફરો ભારે મુશ્કેલીમાં મુકાઈ જાય છે. અને આ રીતે સરકાર સાથે થયેલા કરારનો સરેઆમ ભંગ કરાય છે. જો કે સરકાર દ્વારા આ અંગે સમયાંતરે કોઈ જ તપાસ થતી ન હોવાથી સમસ્યા હલ થતી નથી. વધુમાં વિટકોસમાં મજદુર કાયદા બાબતે પણ સવાલો ઉભા થયા છે. નોકરીએ રખાતાં ડ્રાયવર-કંડક્ટરોને રોજમદાર તરીકે બોલાવાય છે અને અચાનક ગેરહાજરી વખતે કાયમી રૂટની બસોને અસર પહોંચે છે. જેથી આ તમામ બાબતે સંલગ્ન સરકારી તંત્રએ તપાસ હાથ ધરી મુસાફરોને સમયસર મુસાફરી મળી રહે તેવું આયોજન કરવું જોઈએ તેવી શહેરીજનોમાં માંગ ઉઠી છે.

ગાંધીનગર એ રાજ્યનું પાટનગર છે જેથી અહીં ઉદાહરણીયરૂપ સુવિધાઓ શહેરીજનોને પુરી પાડવા તત્કાલીન સરકારે કમર કસી હતી. જેમાં શહેરી બસ સેવા માટે વિટકોસ કંપનીને કરાર આધારિત કામગીરી સોંપવામાં આવી છે. પરંતુ વિટકોસ સંચાલકોએ આ કામગીરી કરવા નોકરીયાતો રાખી સમયસર આ અંગેની સમીક્ષા ન કરીને વિટકોસના વહીવટને ખાડે લઈ ગયા છે. જેમાં સૌથી વધુ અસર શહેરના મુસાફરોને પહોંચી છે. છાશવારે નિર્ધારીત રૂટ બંધ કરી દઈ કમાણી થતી હોઈ તેવા સ્થળોએ વિટકોસ બસને મુકી દેવાય છે. જેમાં પથિકાથી ચિલોડા વાયા ઘ-રોડ બસ ફક્ત એક જ મુકેલી છે જેને વારંવાર રદ કરી મુસાફરોને બાનમાં લેવાય છે. એક માસ નિયમિત રહેલી આ બસ માટે મુસાફરો આનંદ વ્યક્ત કર્યો હતો અને તેની અખબારમાં પણ નોંધ લેવાઈ હતી. છતાં જૈસે થે સ્થિતિનું નિર્માણ થઈ ગયું છે.

વિટકોસના સંચાલકોની સતત ગેરહાજરીથી રાખેલ નોકરીયાત વર્ગ પોતાની મનમાની કરી વિટકોસનું નામ બદનામ કરવાની પેરવી કરી છે. સતત ચેકીંગ ટીમને કાર્યરત રાખી રોજમદાર કંડક્ટરો ઉપર વૉચ રખાય છે. આમ પોતાના રાખેલા કામદાર ઉપર જ વિટકોસને વિશ્વાસ નથી તેવું લાગી રહ્યું છે. સેક્ટર-૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨, ૨૮, ૩૦ ને અનુકુળ એવી ચિલોડા-ઘ રોડ બસ પ્રત્યે મેનેજરનું વલણ ફક્ત કમાણી પૂરતુ મર્યાદિત હોય તેમ આ બસના સંચાલન ઉપરથી લાગી રહ્યુ છે. નિયમિત બસ ન મુકી મુસાફરો હોતા નથી તેવા બહાના હેઠળ કમાણીને જ પ્રાધાન્ય આપતા વિટકોસના સંચાલકનની ઉંડી તપાસ સરકારી રાહે થવી જ જોઈએ તેવી માંગ મુસાફરોએ કરી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૦

સૂર્યાસ્ત : ૬.૦૬

## તાપમાન

મહત્તમ : ૩૧.૬ ડિ.સે.

લઘુત્તમ : ૧૧.૮ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૦ ટકા ● સાંજે ૫૩ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

ધ હંગર ગેમ: કેચિંગ ફેરી (હિન્દી) : ૯.૪૦, ૩.૪૦, ૯.૪૦

કલબ-૬૦ : ૧૨.૪૦

હેપ્પી ફેમીલીયા પ્રા.લિ. : ૬.૪૦

: સ્ક્રીન-૨ :

આર. રાજકુમાર : ૯.૫૫, ૧૨.૫૫, ૩.૫૫, ૬.૫૫, ૯.૫૫

: સ્ક્રીન-૩ :

આર. રાજકુમાર : ૯.૧૦, ૧૨.૧૦, ૩.૧૦, ૬.૧૦, ૯.૧૦

: સ્ક્રીન-૪ :

આર. રાજકુમાર : ૧૦.૪૦, ૧૦.૪૦

રામલીલા : ૧.૪૦, ૭.૪૦

બુલેટ રાજા : ૪.૪૦

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :

આર. રાજકુમાર : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

બુલેટ રાજા : ૧.૦૦, ૭.૦૦, ૧૦.૧૫

રામલીલા : ૪.૦૦

### સૂર્યા, વાવોલ

આર. રાજકુમાર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

મારા રાજ ઠાકોરની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

બૂલેટ રાજા : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

રામલીલા : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

### ચિરાગ, કલોલગ, કલોલ

ઠાકોરની લોહીભીની ચૂંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : વેપારમાં ઉન્નતિ થશે. કુટુંબના સભ્યો સાથે મતભેદ ન થાય તેની કાળજી રાખવી. આપ કોઈપણ પ્રકારના વ્યર્થ ભ્રમમાં ન રહેતા સ્વવિવેકથી કામ કરશો તો સફળતા સંભવ છે.

**વૃષભ** : વેપાર-ધંધામાં સમય પર લેવામાં આવેલ નિર્ણય લાભદાયી રહેશે. નવા કાર્યોમાં મિત્રોના સહયોગથી નવા કાર્યોમાં સફળતા મળવાનો યોગ. મિત્રો અને કુટુંબના સભ્યો સહિત પોતાની આંતરિક પ્રસન્નતા અને આશાજનક વાતારણને કારણે પ્રયાસ સફળ થઈ શકશે.

**મિથુન** : આજીવિકા ક્ષેત્રે પ્રગતિની સંભાવના છે. સંતાન પર ધ્યાન આપવું. આપના થકી વ્યવસાયિક ક્ષેત્રે નવી યોજના બની શકશે જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા. લાભ અને સુખમાં વધારો થઈ શકશે.

**કર્ક** : વ્યવસાયમાં પ્રગતિનો યોગ. જમીન-મકાન ખરીદવાની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે. વાંચવા લખવાનાં કાર્યમાં રુચિમાં વધારો થશે. તમારા કાર્યોની સમાજમાં અને વ્યવસાયક્ષેત્રે નોંધપાત્ર પ્રશંસા થશે.

**સિંહ** : અટકેલા નાણાં પરત મળી શકશે. વ્યાપાર-વ્યવસાયક્ષેત્રે સમસ્યાઓ હોવાં છતાં કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી ઉત્પન્ન થયેલી સમસ્યાઓ છતાં કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.

**કન્યા** : જમીન સંબંધી કાર્ય થઈ શકે છે. લાંબા સમયથી ચાલી રહેલી કૌટુંબિક સમસ્યાઓનું સમાધન થઈ શકશે. વેપાર-ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થવાના યોગ પ્રબળ બની રહ્યા છે.

**તુલા** : ભૂલ કરવાથી વિરોધી હાવી થઈ શકે છે. સમયસ્યાઓનો ઉકેલ બુદ્ધિમત્તાથી કરવો. આપનામાં આંતરીક પ્રભાવ વધવાથી શત્રુને પરાસ્ત કરી શકશો. આપના અથાગ રીતે કરેલ મહેનતનું ફળ મળી શકે છે.

**વૃશ્ચિક** : સફળ યાત્રા. અટકેલા કાર્ય સમય પર પૂરા કરવા આપ કટીબદ્ધ બનશો. વ્યકિતગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થશે. કાયદાકીય બાબતોમાં આત્મવિશ્વાસમાં કમી આવવાની સંભાવના છે. વાદ-વિવાદથી દૂર રહેવું.

**ધન** : માનસિક સંતોષ પ્રસન્નતા રહેશે. અટવાયેલા નાણાં પરત મળી શકે છે. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધર્મના ક્ષેત્રમાં વિશેષ રુચિ જાગૃત થઈ શકશે.

**મકર** : નવા વિચારો અથવા યોજનાઓ પર ચર્ચા થશે. સ્થાયી મિલકત, વાહન ખરીદીનો યોગ બને છે. જૂના કાર્યોમાં ઉભી થયેલી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**કુંભ** : કોઈ વરિષ્ઠ વ્યક્તિઓ અને નિતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના રહેલી છે. કર્મક્ષેત્રમાં વિશેષ ઉપલબ્ધિ અને નવા કાર્યોની સંભાવના.

**મીન** : વિશેષ લેવડ-દેવડથી બચવું. વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા-પ્રવાસનો યોગ બને છે. કલાક્ષેત્ર સાથે સંકળાયેલ વ્યક્તિઓને લાભ પ્રાપ્તિ.

## ચિરવિદાય

- સ્વ. ભરતભાઈ ધૂળાભાઈ બજાણીયા (ઉ.વ. ૨૨) સારંગીનગર, મુ.પો. માણસા, તા. માણસા, જિ. ગાંધીનગર.